RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 344 * Date: 05.10.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

મુંબઈમાં ગર્જના મોરચામાં રાજ-ઉદ્ધવ ઠાકરે ગર્જ્યા, કહ્યુ- ૧૩ કરોડ વોટની ચોરી, બેલેટ પેપરથી યોજાય ચૂંટણી




મુંબઈની ગર્જના મોરચા રેલીમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ચૂંટણી પંચ અને જીંઈ (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પર આકરા પ્રહારો કર્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો હતો કે, દેશભરમાંથી લગભગ ૧૩ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે આને મતદાનના અધિકાર સાથે જોડાયેલો ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. તો બીજી તરફ રાજ ઠાકરેએ કહ્યું કે, તેઓ ૨૦૧૭થી ચૂંટણી પ્રક્રિયામાં ગડબડ અંગે સવાલો ઉઠાવી રહ્યા છે. તેમણે જીંઈ ને સંપૂર્ણપણે રદ કરવાની માંગ કરી હતી. બંને નેતાઓએ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની વાત પણ દોહરાવી હતી. ઉદ્ધવે પશ્ચિમ બંગાળમાં હટાવાયેલા મતદારો અને સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મુંબઈમાં રવિવારે ઠાકરે બંધુઓની જોડીએ ચૂંટણીના મુદ્દે જોરદાર હૂંકાર ભરી હતી. શિવસેના (ૂ) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને સ્વજી પ્રમુખ રાજ ઠાકરેના નેતૃત્વમાં નીકળેલા ગર્જના મોરચામાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. આ દરમિયાન મંચ પરથી ચૂંટણી પંચ અને મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ એટલે કે જીંઈ સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ પોતાના ભાષણમાં દાવો કર્યો હતો કે, દેશભરમાંથી લગભગ ૧૩ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી ગાયબ કરી દેવાયા છે. તેમણે આને મત આપવાના અધિકાર સાથે જોડાયેલો મોટો સવાલ ગણાવ્યો હતો. જ્યારે રાજ ઠાકરેએ કહ્યું કે, ચૂંટણી પ્રક્રિયામાં ગડબડ અંગે તેઓ વર્ષોથી અવાજ ઉઠાવી રહ્યા છે. તેમણે જીંઈ ને સંપૂર્ણપણે રદ કરવા અને ચૂંટણીઓ બેલેટ પેપરથી કરાવવાની માંગ કરી હતી.

ગર્જના મોરચામાં ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર પણ પોતાના ખાસ અંદાજમાં પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, આ લડાઈ કોઈ એક પક્ષ કે નેતાની નથી, પરંતુ દેશ અને આઝાદી સાથે જોડાયેલો મુદ્દો છે. રાજ ઠાકરેએ પણ ચૂંટણી પંચની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા હતા.

વર્ષો પહેલા પરણેલા પણ હવે લાઈનમાં ઊભા: મેરેજ સર્ટિફિકેટ માટે ગુજરાતભરમાં કેમ મચી ગઈ દોડધામ?



(ઝઝ) બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ ગત ૧ ઓક્ટોબરના રોજ રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર ગેઝેટ નોટિફાય કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક કાયદાની જાહેરાત થતાંની સાથે જ અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં લગ્ન નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે નાગરિકોમાં દોડધામ મચી ગઈ છે.ર્યિન્ટ્રિરેષ્ઠ ઈકીીહિષ્ઠીડિજિટલ પોર્ટલ પર અરજીઓનો એવો ભયંકર ઉછાળો આવ્યો છે કે મહાનગરોની ઓનલાઈન સિસ્ટમ પર બેકએન્ડ લોડ અસાધારણ રીતે વધી ગયો છે. સૂત્રો અને ઓનલાઈન ટ્રાફિકના વિશ્લેષણના આધારે પ્રાપ્ત અંદાજિત આંકડા અનુસાર, છેલ્લા ૪૮થી ૭૨ કલાકમાં જ લગ્ન નોંધણીની અરજીઓમાં ૩થી ૪ ગણો વધારો નોંધાયો છે.

ગુજરાતમાં ઝઝ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ રાજ્ય સરકારે ગેઝેટ નોટિફાય કર્યું છે. આ ઐતિહાસિક કાયદાની જાહેરાત થતાં જ અમદાવાદ સહિત રાજ્યભરમાં લગ્ન નોંધણી પ્રમાણપત્ર મેળવવા દોડધામ મચી છે. સામાન્ય રીતે રોજના ૧૫૦-૨૦૦ અરજીઓની જગ્યાએ હવે ૭૦૦થી વધુ દંપતીઓ રજિસ્ટ્રેશન કરાવી રહ્યા છે. દંડના ભયે અરજીઓમાં ૩થી ૪ ગણો વધારો થયો છે, જેનાથી ઓનલાઈન સિસ્ટમ પર ભારણ વધ્યું છે અને એપોઈન્ટમેન્ટ સ્લોટ્સ માટે ૭-૧૦ દિવસનું વેઈટિંગ જોવા મળે છે.ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ સામાન્ય દિવસોમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ)ના મેરેજ રજિસ્ટ્રેશન પોર્ટલ પર દૈનિક સરેરાશ ૧૫૦થી ૨૦૦ ફોર્મ સબમિટ થતા હતા. જોકે, છેલ્લા એક અઠવાડિયામાં આ ગ્રાફ સીધો ઊંચકાયો છે

૩૫ર રન બનાવીને પણ ભારત હાર્યું: ૭ કેચ છોડ્યા, ડેથ ઓવર્સમાં ફ્લોપ થતાં કેપ્ટન શુભમન ગિલ લાલઘૂમ!



ભારત વેસ્ટ ઈન્ડિઝ સામે ઉજીઁ હારતા શુભમન ગિલે નબળી ફિલ્ડિંગ અને બોલિંગ અંગે નારાજગી વ્યક્ત કરી. મુલ્લાંપુરમાં ૩૫ર રનનો ટાર્ગેટ ચેઝ કરીને વેસ્ટ ઈન્ડિઝે ૫ વિકેટે જીત મેળવી. કેપ્ટન શાઈ હોપે ૧૬ર રનની અણનમ ઈનિંગ રમી, જેમાં ધોનીના ગુરુમંત્રનો પ્રભાવ હતો. ગિલે વર્લ્ડ કપ પહેલા ૬-૭ કેચ છોડવાને ચિંતાજનક ગણાવ્યા.ભારતીય ક્રિકેટ ટીમે ભલે વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચોની વનડે સિરીઝ ૨-૧ થી પોતાના નામે કરી લીધી હોય, પરંતુ મુલ્લાંપુરમાં રમાયેલા ત્રીજા અને આખરી વનડે મુકાબલામાં મળેલી હારે આગામી વર્લ્ડ કપ પહેલા ટીમ ઈન્ડિયા સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. સ્કોરબોર્ડ પર ૩૫ર રનનો જંગી સ્કોર ખડક્યા બાદ પણ ભારતીય ટીમ પોતાના ટાર્ગેટનો બચાવ કરવામાં સદંતર નિષ્ફળ રહી હતી.નકશા જુઓશનિવારે મુલ્લાંપુરના મહારાજા યાદવીન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં કેરેબિયન ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને ૫ વિકેટે યાદગાર વિજય નોંધાવ્યો હતો. હાર બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે મેદાન પરની નબળી ફિલ્ડિંગ અને ડેથ ઓવર્સની દિશાહીન બોલિંગ અંગે ભારે નારાજગી વ્યક્ત કરતા સાથી ખેલાડીઓને સ્પષ્ટ ચેતવણી આપી છે.

વેસ્ટ ઈન્ડિઝની આ ઐતિહાસિક જીતનો અસલી હીરો તેમનો કેપ્ટન શાઈ હોપ રહ્યો હતો. ગ્રોઈન ઈન્જરી (સાથળની ઈજા)ની તીવ્ર પીડા છતાં હોપે મેદાન છોડ્યું નહોતું અને એક છેડો સાચવી રાખીને પોતાના વનડે કરિયરની ૨૧મી સદી ફટકારી હતી.



માફી માંગવાનો સવાલ જ નથી, હું ચીલાચાલુ નેતા નથી: મેલું ઉપાડવાના નિવેદન પર ઘેરાયેલા શંકરસિંહ વાઘેલાનો પલટવાર



નર્મદાના સાગબારામાં 'મેલું ઉપાડવા' અંગેના નિવેદન પર પૂર્વ ઝસ શંકરસિંહ વાઘેલા અડગ છે. રાજ્યભરમાં સવર્ણ સમાજનો વિરોધ છતાં, તેમણે માફી માંગવાનો ઈનકાર કર્યો છે. વાઘેલાએ જણાવ્યું કે, તેમનું નિવેદન ભાજપ સરકાર અને અનામત વિરોધીઓ માટે હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે, જીઝ, જી,ંભ્ઝ ગુજરાતના સાચા માલિક છે. બ્રહ્મસમાજ અને પાટીદાર સમાજે ૩ દિવસમાં માફી ન માંગે તો 'વસંત વગડો' ઘેરવાની ચીમકી ઉચ્ચારી છે.નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં આદિવાસી સમાજની વિરોધ સભા દરમિયાન 'મેલું ઉપાડવા' અંગે આપેલા નિવેદન બાદ રાજ્યભરના સવર્ણ સમાજમાં ઉઠેલા વિરોધ અને આક્રોશ વચ્ચે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની આકરી પ્રતિક્રિયા સામે આવી છે. વિરોધ કરનારાઓને વળતો જવાબ આપતાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે તે પોતાના નિવેદન બદલ માફી માંગશે નહીં.

મેલું ઉપાડવા અંગે આપેલા નિવેદન પર થયેલા વિવાદ અંગે સ્પષ્ટતા કરતાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'દુઃખી આદિવાસી ખેડૂતો સાથેના સંવાદમાં મેં જે નિવેદન આપ્યું તેના પર ભાજપના લોકો સમજ્યા વગર મચી પડ્યા છે. હું ક્યારેય કોઈ નિવેદન ફેરવી તોળતો નથી, તેથી માફી માંગવાનો કોઈ સવાલ જ નથી ઉપસ્થિત થતો.'પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'ગુજરાત અને કેન્દ્રની ભાજપ સરકાર અનામત વિરોધી છે. મેં જે નિવેદન આપ્યું તે અનામત વિરોધી લોકો માટે હતું. મારો કહેવાનો અર્થ એ હતો કે જે લોકોએ વર્ષો સુધી મેલું ઉપાડ્યું છે તેનું વળતર અનામત છે. મારું નિવેદન ભાજપ માટે હતું અને ભાજપને પેટ ચોળીને દર્દ ઊભું કરવાની ટેવ છે. મારી સામે કોમેન્ટ કરતાં પહેલાં વિચારજો, મારી સામે મજાક ના કરતાપ હું ચીલાચાલુ નેતા નથી.'નકશા જુઓ

સાગબારાના ખોપી ગામે જંગલની જમીનના ખેડાણ મુદ્દે આયોજિત જાહેરસભામાં શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, 'હું ઘણાં લોકોને કહું છું કે જો મેલું ઉપાડવાની નોકરી કરવી હોય, પછી ભલે તમે વાણિયા, બ્રાહ્મણ કે પટેલ ગમે તે હોવ, મેલું ઉપાડવા બદલ મહિને ૫૦ હજાર રૂપિયા હું તમને આપીશ. તમે આ લોકોનું મેલું ઉપાડો અને તેઓ જે હાલતમાં રહે છે તે હાલતમાં રહી જુઓ, ત્યારે ખબર પડશે કે તેઓ કેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. વીજળી નથી, પાણી નથી, કશું જ નથી. અહીંયા વર્ષોથી તેમનો હક અને અનામત છે. જીઝ, જી અનેંભ્ઝ મળીને ૭૦ ટકા છો, તમે જ ગુજરાતના સાચા માલિક છો.

તંત્રી લેખ

ક્લોઝિંગ ઓક્શન સેશન માટે સેબી ટૂંકમાં નવું માળખું જાહેર કરશે

મુંબઈ: મૂડી બજાર નિયામક સેબી ટૂંક સમયમાં ક્લોઝિંગ ઓકશન સેશન મિકેનિઝમમાં ફેરફારોનું માળખું જાહેર કરશે. સેબીને તેના કન્સલ્ટેશન પેપર અંગે ૩૫૦૦થી વધુ સૂચનો અને પ્રતિભાવો મળ્યા છે. સેબી ચેરમેન તુહિન કાંતા પાંડેએ જણાવ્યું કે, મળેલા પ્રતિભાવોનું ઝડપથી પરીક્ષણ કરી આગળની પ્રક્રિયા હાથ ધરાશે. ડેરીવેટિવ કોન્ટ્રાક્ટસના સેટલમેન્ટ પદ્ધતિ અંગે પણ ફેરફારો પ્રસ્તાવિત છે. મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ટૂંક સમયમાં પ્રસ્તાવિત ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) મિકેનિઝમમાં ફેરફારો અંગેનું માળખું જાહેર કરશે. સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ આજે જણાવ્યું હતું કે, સેબીને તેના કન્સલ્ટેશન પેપર અંગે ૩૫૦૦થી વધુ સૂચનો અને પ્રતિભાવો મળ્યા છે.સેબીએ સીએએસ, ટ્રેડિંગ સમય અને ડેરિવેટિવ કોન્ટ્રાક્ટસના સેટમેન્ટની પદ્ધતિ અંગે કેટલાક ફેરફારો કરવા માટે જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવ્યા હતા. આ અંગે પ્રતિભાવો આપવા માટેની અંતિમ તારીખ ૩, ઓકટોબર હતી. અંતિમ માળખું અથવા સર્કયુલર ક્યારે જાહેર થશે તે અંગે પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે, સેબી મળેલા પ્રતિભાવોનું ઝડપથી પરીક્ષણ કરશે અને આગળની પ્રક્રિયા હાથ ધરશે.કોમોડિટી એન્ડ કેપિટલ માર્કેટ્સ પાર્ટિસિપન્ટસ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (સીપીએઆઈ) દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પાંડેએ જણાવ્યું હતું કે, આજે અંતિમ તારીખ છે અને સેબી આ તમામ સૂચનોને ઝડપથી જોશે અને આગળની પ્રક્રિયા હાથ ધરશે. આ સાથે તેમણે કહ્યું કે, કન્સલ્ટેશન પેપરના પ્રસ્તાવો સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યા હોવાથી મળેલા પ્રતિભાવોનું સંકલન અને વિશ્લેષણ કરવામાં સેબીને વધારે સમય લાગશે નહી.

વાહનચાલકોમાં અકસ્માતનો ભય:લાખણીથી ગેળા જતો મુખ્ય રોડ બિસમાર મંજૂર છતાં કામગીરી શરૂ નહીં થતાં રોષ



લાખણી તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ ગેળા ખાતે શ્રી ફળવાળા હનુમાનદાદાનું મંદિર આવેલું છે. દર શનિવારે અહી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડે છે.ભક્તો પોતાના વાહનો તેમજ પદયાત્રા કરીને ગેળા પહોંચતા હોય છે. જોકે, લાખણીથી ગેળાને જોડતો મુખ્ય માર્ગ લાંબા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી યાત્રિકો સહિત વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.લાખણી-ગેળા માર્ગ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે. અનેક સ્થળે રસ્તાની સપાટી પણ ઉખડી જતાં વાહન ચલાવવું મુશ્કેલ બન્યું છે. બિસ્માર રસ્તાના કારણે અકસ્માતની શક્યતા પણ વધી છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક માર્ગનું કામ શરૂ કરવાની સ્થાનીકોએ માગ કરી છે.ગેળા યાત્રાધામમાં દર અઠવાડિયે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોવા છતાં માર્ગની સ્થિતિમાં લાંબા સમયથી સુધારો થયો નથી.સ્થાનિકોના જણાવ્યા મુજબ રાજકીય આગેવાનો અને અધિકારીઓ પણ આ માર્ગ પરથી પસાર થતા હોવા છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.

ગેળા ગામના સરપંચે જણાવ્યું હતું કે, રોડ બનાવવા માટે ગામ તરફથી દરખાસ્ત કરી હતી અને રોડ મંજૂર પણ થઈ ગયો છે. તેમ છતાં હજુ સુધી સ્થળ પર કામગીરી શરૂ કરી નથી. વહેલી તકે કામ શરૂ કરી માર્ગનું કામ પૂર્ણ કરવા રજૂઆત કરી છે.

સુરતના સારોલીની કુબેરજી ટેક્સટાઈલ માર્કેટમાં લિફ્ટ ખોટકાઈ, ફસાયેલા ૬ લોકોને ફાયર વિભાગે સલામત બહાર કાઢ્યા

સુરતના સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં શનિવારે રાત્રે લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ૮-૨ લેવલ પર અટકેલી લિફ્ટમાં ફસાયેલા ૬ લોકોને ફાયર વિભાગે ૧ કલાકના રેસ્ક્યૂ ઓપરેશન બાદ સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, જેથી તમામે રાહત અનુભવી હતી.

સુરતના સારોલી વિસ્તારમાં આવેલી 'કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટ'માં શનિવારે (ત્રીજી ઓક્ટોબર) રાતે લિફ્ટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતાં તે ૮-૨ લેવલ પર અધવચ્ચે જ અટકી ગઈ હતી, જેના કારણે તેમાં સવાર ૬ લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. જોકે, ફાયર વિભાગની ટીમે ૧ કલાકના રેસ્ક્યૂ ઓપરેશન બાદ તમામ લોકોને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.મળતી માહિતી અનુસાર, શનિવારે રાત્રે ટેક્સટાઈલ માર્કેટની લિફ્ટ અચાનક બંધ પડી ગઈ હતી. લિફ્ટમાં ફસાયેલા લોકોએ ગભરાવાને બદલે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક સુરત મહાનગરપાલિકાના ફાયર કંટ્રોલ રૂમનો સંપર્ક કરી મદદ માંગી હતી. ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાનો ફાયર કાફલો તાબડતોબ સારોલી સ્થિત કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટ ખાતે દોડી આવ્યો હતો.ફાયર ફાઈટરોએ વિશેષ સાધનોની મદદથી સતત ૧ કલાક સુધી ભારે જહેમત ઉઠાવીને સફળ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું અને લિફ્ટમાં અટવાયેલા તમામ લોકોને હેમખેમ બહાર કાઢ્યા હતા. આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા ન થતાં વેપારીઓ, માર્કેટના એસોસિયેશન અને ફસાયેલા લોકોના પરિવારજનોએ ભારે રાહતનો શ્વાસ લીધો હતો.

છોટા ઉદેપુરના સીમલફળિયામાં તળાવમાં ખાબકતાં યુવકનું મોત, ગ્રામજનોમાં ભારે રોષ



છોટા ઉદેપુરના સીમલફળિયા ગામે ૩૮ વર્ષીય ગોબર નાયકાનું તળાવ જેવા ઊંડા ખાડામાં ખાબકવાથી કરુણ મોત થયું છે. ગ્રામજનોએ ૧૫ ફૂટથી વધુ ગેરકાયદે ઊંડાણ અને સુરક્ષાના અભાવનો આક્ષેપ કર્યો છે. મકાઈ ખરીદવા જતા તેઓ લપસી પડ્યા હતા. પરિવારે સહાય અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે, અન્યથા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

છોટા ઉદેપુરના સીમલફળિયા ગામ નજીક આવેલા તળાવ જેવા ઊંડા ખાડામાં ખાબકવાથી કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે રોષની લાગણી ફેલાઈ છે. જૂના રસ્તા પાસે આવેલા તળાવમાં સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરી જોખમી ઊંડાણ કરવામાં આવ્યું હોવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનો ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે.

મળતી વિગતો અનુસાર, સીમલફળિયા ગામના ૩૮ વર્ષીય ગોબર નાયકા શનિવારે (ત્રીજી ઓક્ટોબર) મકાઈ ખરીદવા માટે છોટા ઉદેપુર જવા નીકળ્યા હતા. જૂના રસ્તાની લગોલગ આવેલા તળાવ પાસેથી પસાર થતી વખતે તે અચાનક લપસીને ઊંડા ખાડામાં ખાબક્યા હતા. લાંબા સમય સુધી તે ઘરે પરત ન ફરતાં પરિવારજનો અને ગ્રામજનોએ શોધખોળ હાથ ધરી હતી, જ્યાં તળાવમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટના અંગે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ૧૧૨ ઈમરજન્સી સર્વિસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી.સ્થાનિક અગ્રણી કિરણ રાઠવા સહિતના ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ તળાવમાં સરકાર દ્વારા માન્ય મર્યાદા કરતાં ઘણું વધારે, એટલે કે આશરે ૧૫ ફૂટથી વધુ ગેરકાયદે ઊંડું ખોદકામ કરવામાં આવ્યું છે. રસ્તાની સાવ નજીક જ આવી જોખમી ખાણ કે તળાવ હોવા છતાં તેની ફરતે કોઈ ફેન્સિંગ, તારની વાડ કે સુરક્ષાત્મક બોર્ડ લગાવવામાં આવ્યા નથી.દુર્ઘટના બાદ જ્યારે ખાણ અને ખનીજ વિભાગ તથા લીઝ સંચાલકનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે હાલમાં આ તળાવ સક્રિય નથી તેવો જવાબ આપી બંને પક્ષો જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો ગ્રામજનોએ દાવો કર્યો છે. આ અંગે ગ્રામજનોએ સવાલ ઉઠાવ્યો છે કે જો તળાવ કે લીઝ બંધ હોય તો પણ આવો જોખમી ખાડો ખુલ્લો કેમ છોડી દેવાયો?

મૃતક અત્યંત ગરીબ પરિવારમાંથી આવતા હોવાથી તેમના પરિવારને તાત્કાલિક યોગ્ય આર્થિક સહાય ચૂકવવામાં આવે તેમજ ખાણ-ખનીજ વિભાગ તાત્કાલિક સ્થળ તપાસ કરી તળાવના ઊંડાણની માપણી કરે તેવી માગણી ઉઠી છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો જવાબદાર તળાવ ધારક અને નિષ્કાળજી દાખવનાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી નહી થાય, તો ગાંધીચિંધ્યા માર્ગે સમગ્ર સીમલફળિયા વિસ્તારની લીઝો સામે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

વડોદરા: ચોખંડી શાક માર્કેટ પાસે ભુવામાં વધુ એક ટ્રક ફસાઈ



વડોદરામાં રસ્તાના નબળા સમારકામથી વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ચોખંડી શાક માર્કેટ પાસે ગઈકાલે રાત્રે રસ્તામાં ભુવો પડતાં એક ટ્રક ફસાઈ ગઈ હતી. તાજેતરના ખોદકામ બાદ યોગ્ય પુરાણ ન થતાં આ બન્યું. ૪ દિવસ પહેલા પ્રતાપનગર બ્રિજ નીચે પણ આવો જ બનાવ બન્યો હતો. કોર્પોરેશનની તકલાદી કામગીરી ગંભીર અકસ્માત નોતરી શકે છે.ચોખંડી શાક માર્કેટ પાસે ગઈકાલે રાત્રે રસ્તામાં ભુવો પડતાં એક ટ્રક ફસાઈ ગઈ હતી. રસ્તા પર તાજેતરમાં જ ખોદકામ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ યોગ્ય રીતે પુરાણ નહીં કરવામાં આવતાં ટ્રક પસાર થતાં તેના પાછળનાં પૈડાં રસ્તામાં ખૂંપી ગયાં હતાં.

ટ્રક રસ્તામાં ફસાઈ જતાં વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કોર્પોરેશન દ્વારા રસ્તા પર ખોદકામ કર્યા બાદ યોગ્ય રીતે સમારકામ નહીં કરવામાં આવતાં આવી સ્થિતિ વારંવાર સર્જાઈ રહી છે. તેના કારણે વાહનોને નુકસાન થવાની સાથે નાગરિકોનો કિંમતી સમય પણ વેડફાઈ રહ્યો છે.આવી જ ઘટના ચાર દિવસ અગાઉ પ્રતાપનગર બ્રિજ નીચે પણ બની હતી. અહીં રસ્તાનું ખોદકામ કર્યા બાદ યોગ્ય રીતે સમારકામ નહીં થતાં એક ટ્રકનાં પૈડાં રસ્તામાં ખૂંપી ગયાં હતાં. એક બાદ એક આવી ઘટનાઓ સામે આવી રહી હોવા છતાં રસ્તાના ખોદકામ બાદ ગુણવત્તાયુક્ત પુરાણ અને સમારકામ કરવામાં આવી રહ્યું છે કે નહીં તે સવાલ ઊભો થયો છે.

ખાસ કરીને શહેરમાં ભારદારી વાહનોની અવરજવર ધરાવતા માર્ગો પર કોર્પોરેશનની તકલાદી કામગીરી ગંભીર અકસ્માતનું જોખમ ઊભું કરી શકે છે. જેથી ખોદકામ બાદ રસ્તાનું યોગ્ય રીતે પુરાણ અને મજબૂત સમારકામ કરવામાં આવે તેવી માગ ઉઠી છે.

ઝમકુડી, કચ્છી વર્ક-ઘેરવાળા ચોળી આ નવરાત્રિમાં લાગશે 'જરા હટકે':૯ દિવસ સ્પેશિયલ રેન્ટલ પેકેજના ૭૫૦૦, ભાવમાં ૨૫% ઉછાળો; ચારેય મહાનગરોમાં ખરીદીનો માહોલ જામ્યો





નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. જેને લઈને બજારોમાં હાલ નવરાત્રિની ખરીદીનો માહોલ જામ્યો છે. બજારમાં ?૨૦૦૦થી લઈને ?૧૦૦૦૦ સુધીની ચણિયાચોળી મળી રહી છે, ત્યારે આ વખતે ઝમકુડી, કચ્છી વર્ક, રજવાડી પ્રિન્ટ, મલ્ટી-કલર ફ્લેર્ડ અને ઘેરવાળી ચણિયાચોળીનો સૌથી વધુ ક્રેઝ જોવા મળી રહ્યો છે.ઓક્સિડાઈઝ્ડ નેકલેસ, મોટા ઝુમખા, કડા, કમરપટ્ટા ઉપરાંત મિરર અને થ્રેડ વર્કવાળી ક્રાફ્ટ જ્વેલરી અને ટ્રેડિશનલ મોજડી પણ યુવતીઓની પસંદ બની છે. આ ઉપરાંત બજારમાં યુવતીઓ માટે ખાસ ૯ દિવસના સ્પેશિયલ રેન્ટલ પેકેજ પણ મળી રહ્યા છે, જેમાં ?૭૫૦૦ ચણિયાચોળીથી લઈને પગની મોજડી સહિતની મેચિંગ વસ્તુઓ મળી રહી છે.ત્યારે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની બજારોમાં ખરીદીનો માહોલ કેવો છે તે જાણવા વેપારીઓ સાથે વાતચીત કરી હતી અને આ વખતે યુવતીઓમાં ૯ દિવસ સુધી અલગ અલગ લુક માટે શું ટ્રેન્ડિંગ છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો.અમદાવાદમાં લો ગાર્ડન, નેહરુ નગર, લાલ દરવાજા, ભદ્રકાળી અને રતનપોળ સહિતના બજારોમાં ચણિયાચોળી, જ્વેલરી અને મોજડીની ખરીદી માટે ગ્રાહકોની ભીડ ઉમટી રહી છે. ખાસ યુવતીઓ અને મહિલાઓમાં અલગ લુક તૈયાર કરવાનો ક્રેઝ છે. ગ્રાહકો પોતાના બજેટ અને પસંદગી પ્રમાણે સિમ્પલથી લઈને હેવી ડિઝાઈન તથા કેન-કેન ફ્લેરવાળી ચણિયાચોળીની ખરીદી કરી રહ્યા છે.ખરીદી કરવા પહોંચેલી આકૃતિએ જણાવ્યું કે, નવરાત્રિ માટે શોપિંગ કરવા લો ગાર્ડન માર્કેટમાં આવી છું. નવ દિવસ અલગ-અલગ લુકનો પ્લાન છે. એટલે ચણિયાચોળીની સાથે મેચિંગ જ્વેલરી અને મોજડી પણ ખરીદી રહી છું. આ વખતે માર્કેટમાં કલેક્શન ખરેખર ખૂબ જ સરસ છે અને ખરીદી કરવાનો પણ ઉત્સાહ છે.દુકાનદાર રાકેશભાઈએ કહ્યું કે, આ વર્ષે ખૂબ જ સારો રિસ્પોન્સ જોવા મળી રહ્યો છે. યુવતીઓમાં નવા ડિઝાઈન અને ટ્રેડિશનલ લુકવાળી ચણિયાચોળીની ડિમાન્ડ વધુ છે. અમારી પાસે રુપિયા ૨,૦૦૦થી લઈ ૧૦,૦૦૦ સુધીની ચણિયાચોળીની રેન્જ છે. અન્ય દુકાનદાર મીનાબેને જણાવ્યું હતું કે, આભલા વર્ક, કચ્છી વર્ક, રજવાડી પ્રિન્ટ અને હેવી બોર્ડરવાળી ચણિયાચોળી ગ્રાહકોને ખૂબ પસંદ આવી રહી છે.છેલ્લા બે વર્ષથી રાજકોટમાં ચણીયાચોળીમાં દુપટા સાથે સિમ્પલ ડિઝાઈન યુવતીઓ માટે પહેલી પસંદ બની છે. જો કે બજારમાં આભલા અને ઘેરવાળી અને ડિઝાઈનરની ફેશન ટ્રેન્ડિંગમાં ચાલી રહી છે. નીલમબા ઝાલાએ જણાવ્યું હતું કે, મંડળી ગરબાનો ક્રેઝ હોવાથી સ્પેગેટી ચોળી, ઘેરવાળા ચોળીની ખુબ ડિમાન્ડ છે. સામાન્ય રીતે બજારમાં એક દિવસ માટે સિંગલ ઉપરાંત ૩ દિવસ, ૫ દિવસ અને ૯ દિવસ માટે સ્પેશિયલ પેકેજ બુકિંગ પણ કરવામાં આવી રહ્યા છે.

યુનિવર્સિટી રોડ પર આવેલી સખી બુટીકના મેઘના હાડાએ જણાવ્યું હતું કે, આ વર્ષે પ્રથમ વખત ચણીયાચોળી રેન્ટ પર આપવાની શરૂઆત કરી છે. હાલમાં રાજકોટવાસીઓનો રિસ્પોન્સ સારો મળી રહ્યો છે. અમારી પાસે ખાસ હેન્ડ વર્ક ડિઝાઈન, સ્ટોન ડિઝાઈન, આભલા ડિઝાઈન, મિરર વર્ક વાળા ચોળી ઉપલબ્ધ છે. આ વર્ષે વેસ્ટર્ન ક્લચરના ચોળીની પણ ડિમાન્ડ છે. જો કે છોકરીઓ વધારે સિમ્પલ અને વજનમાં હળવા હોય તેવા ચોળી વધુ પસંદ કરી રહી છે.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS 321
વિષય. મનગમતી રચના
પ્રકાર . કવિતા. શબ્દ.૧૨૫
શીર્ષક.
"નારી શક્તિ "

વ્યવહારે કુશળ અને પ્રેમાળ છું,
આપીને ખુશ રહેવું એ માનું છું.
હૃદયની વ્યથા છુપાવી રાખું છું,
મુખ પર મલકાટ અને આછો ગુસ્સો.

સાથે પરિવારને જોડી રાખું છું,
ક્યારેક શિક્ષક, ક્યારેક નર્સ અને ડ્રાઈવર,
તો ક્યારેક બેન્કર બની વહીવટ સંભાળું છું.

આપેલા પ્રેમથી બમણો પ્રેમ છલકાવું છું,
મારા જીવનની લડતમાં હું જ યોદ્ધા!
એક સાથે ઘણા પાત્રો નિભાવું છું.

'અબળા' કહેવડાવવું પસંદ નથી મને,
હર યુગમાં શક્તિ બની પૂજાવું છું!

સંતાન માટે મા બની શીતળ છાંય આપુ છું
તો પતિ માટે સ્નેહમયી સાથી થઈ જાવ છું
સાસરે ધબકતું દીપક બની ઉજાસ ફેલાવું
તો મિત્રોમાં હસતો ચહેરો સાથે રાખું છું

મારા હાથમાં છે કરૂણાની રેખા
પણ લડવાની તલવાર બી સાથે રાખું છું
સહનશીલતા મારું ગૌરવ છે,
પણ અવાજ ઉઠાવવાની બી હિંમત રાખું છું
??? સુચિતા રાવલ
ગાંધીનગર
★★★★★★★
NOG SS NO.:101

વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષકઃ શ્રદ્ધા તકલાદી નથી હોતી
પ્રકાર : લેખ શબ્દો : ૩૫૦

શ્રદ્ધા એટલે આપણી માન્યતાની આધારશીલા. ધર્મ અને શ્રદ્ધા (શ્રત્ - માનવું, ધા - ધર્મ) એ બંને એકમેક સાથે સંકળાયેલી વસ્તુ છે. ધર્મ એટલે સમાજને ટકાવી રાખતું બળ અને એ બળમાંની શ્રદ્ધા એટલે ધર્મનું પૂર્ણ રૂપ. ધર્મ મંદિર કે મસ્જિદમાં, દેવળ કે ગુરુદ્વારામાં નથી. તે આપણી માન્યતામાં છે. શ્રદ્ધા એ હવાઈ બાબત નથી. શ્રદ્ધાના મૂળ આપણી પરંપરા, સંસ્કારો અને ઉછેર સાથે જોડાયેલા છે. નાનપણથી ઈશ્વર આપણી શ્રદ્ધાના કેન્દ્રમાં રહ્યો છે. આસ્તિકને ઈશ્વર હોવાની આસ્થા છે ને તેમાં દૃઢપણે માને છે અને નાસ્તિકને ઈશ્વર ન હોવાની આસ્થા છે ને તેમાં દૃઢપણે માને છે. બંને માન્યતાના અંતિમ છેડા પર છે પણ બંને પોતાની માન્યતામાં શ્રદ્ધાવાન છે પરંતુ આપણે આસ્તિકને શ્રદ્ધાળુ કહીએ છીએ નાસ્તિકને શ્રદ્ધાળુ નથી કહેતાં.

શ્રદ્ધાનો દીપ એ કોઈ ભૌતિક દીવો નથી, પરંતુ તે આપણા હૃદયમાં પ્રગટેલો આસ્થા, વિશ્વાસ અને સકારાત્મકતાનો અખૂટ પ્રકાશ છે. શ્રદ્ધા એટલે કે ઊંડો વિશ્વાસ, અને દીપ એટલે કે પ્રકાશ. આ બંને શબ્દોના મિલનથી બનેલો 'શ્રદ્ધાનો દીપ' શબ્દ જીવનના અંધકારમય માર્ગમાં એક દિશાસૂચક પ્રકાશનું કામ કરે છે. તે આપણને અદૃશ્ય શક્તિઓ, ઈશ્વર, સ્વયં પર અને આપણા લક્ષ્યો પર વિશ્વાસ રાખતા શીખવે છે.

શ્રદ્ધાદીપનું મહત્વ ધર્મ અને આધ્યાત્મિકતા પૂરતું સીમિત નથી. તે આપણા રોજિંદા જીવનના દરેક પાસામાં પ્રગટ થઈ શકે છે. જ્યારે એક ખેડૂત વરસાદની આશા સાથે બીજ વાવે છે, ત્યારે તે તેના હૃદયમાં શ્રદ્ધાદીપ પ્રગટાવે છે. જરૂર સારો, યોગ્ય માત્રામાં વરસાદ વરસશે. જ્યારે એક વિદ્યાર્થી પરીક્ષામાં સખત મહેનત કરે છે, ત્યારે તેને પોતાને પર વિશ્વાસ હોય છે કે તેની મહેનતનું ફળ ચોક્કસ મળશે. જ્યારે કોઈ દર્દી બીમારીમાંથી સાજા થવાની આશા રાખે છે, ત્યારે પણ તે શ્રદ્ધાદીપના સહારે જ જીવે છે.

શ્રદ્ધાદીપ એ કોઈ જીન નથી, પરંતુ તે આપણા પ્રયત્નો અને સકારાત્મકતાનું પરિણામ છે. તે એક સાધન છે, જે આપણને આપણા લક્ષ્યો તરફ આગળ વધવામાં મદદ કરે છે. જ્યારે આપણે શ્રદ્ધાદીપના સહારે ચાલીએ છીએ, ત્યારે ભવિષ્યની ચિંતા ઓછી થાય છે અને આપણે વર્તમાનમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ.

આપણી લાગણીની સચ્ચાઈ સાથે આપણને નિસ્બત છે. આ લાગણીની સચ્ચાઈ શ્રદ્ધાનું ચાલક બળ છે. એ શ્રદ્ધાનું આલંબન આપણી ભીતર છે. એ શ્રદ્ધા ક્યારેય તકલાદી નથી હોતી.

ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★
NOG SS NO 371
વિષય :- સર્જકની મનગમતી રચના
શીર્ષક :- ફૂલોની વેદના
પ્રકાર :- અછાંદસ
શબ્દ :- ૧૧૬

" ફુલોની વેદના "

છે સાવ નાની અને એટલી જ વાત કે હવે ફુલો પણ સમજી ગયા,
નથી મજા ખીલવામાં એ વાત હવે કળીઓ પણ સમજી ગઈ.

બાગ ઉજ્જડ માળી વિના હવે ન કોઈ રખેવાળ ફુલો પણ સમજી ગયા,
થઈ જશું બરબાદ જો ખીલ્યા તો એ વાત કળીઓ પણ સમજી ગઈ.

કોઈની ખુશી માટે ચડાવે ભોગ આપણો એ વાત ફુલો પણ સમજી ગયા,
નાહક થશું બરબાદ હવે તો ખીલતા એ વાત કળીઓ પણ સમજી ગઈ.

છે તમન્ના સુંગધ ફેલાવવાની નહિ થઈ શકે એ હવે ફુલો પણ સમજી ગયા,
નાજુક કળીઓને મસળી નાખે છે એ હકીકત કળીઓ પણ સમજી ગઈ.

સંસારરૂપી બાગમા જીવન થયું વેરાન ફુલો પણ એ વાત સમજી ગયા,
હવે તો અહીં ખિલવામાં છે મહાઉત્પાત કળીઓ પણ સમજી ગઈ.

ડો ભાવના એન જોષી
" ચાંદની "વડોદરા
★★★★★★★
NOG SS NO 384
વિષયઃ મન ગમતી રચના.
પ્રકારઃ ગદ્ય.
શબ્દો :૨૨૫ શીર્ષકઃપ્લાસ્ટિકનો ત્યાગ, ધરતીનો બચાવ.

આપણી ધરતી કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે. પરંતુ આધુનિક જીવનશૈલીમાં પ્લાસ્ટિકના વધતા ઉપયોગને કારણે પર્યાવરણ સામે ગંભીર પડકાર ઊભો થયો છે. પ્લાસ્ટિકનો કચરો જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે તથા પશુ-પક્ષીઓ અને જળચર જીવોના જીવન માટે જોખમી બને છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (ઝઁઝમ)ના ઉપલબ્ધ રાષ્ટ્રીય આંકડા મુજબ વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતમાં અંદાજે ૩૯.૦૨ લાખ ટન પ્લાસ્ટિક કચરો પ્રતિ વર્ષ ઉત્પન્ન થયો હતો, એટલે કે દરરોજ આશરે ૧૦,૬૯૦ ટન. આ સમયગાળામાં નોંધાયેલી પ્લાસ્ટિક રિસાયક્લિંગ ક્ષમતા આશરે ૯.૩૫ લાખ ટન પ્રતિ વર્ષ હતી, જ્યારે આશરે ૨.૩૭ લાખ ટન પ્રતિ વર્ષ પ્લાસ્ટિક કચરાની સહ-પ્રક્રિયા ક્ષમતા હતી.

આ આંકડા આપણને ચેતવણી આપે છે કે માત્ર કચરો રિસાયકલ કરવો પૂરતો નથી; પ્લાસ્ટિકનું ઉત્પાદન અને ઉપયોગ ઘટાડવો પણ એટલો જ જરૂરી છે.

આપણે એક વખત ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિકની થેલી, કપ, બોટલ અને અન્ય વસ્તુઓનો ત્યાગ કરી કાપડની થેલી, સ્ટીલની બોટલ અને પુનઃઉપયોગી વસ્તુઓ અપનાવવી જોઈએ. પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, પુનઃઉપયોગ અને યોગ્ય પુનઃચક્રણ જીવનશૈલીનો ભાગ બનાવવો જોઈએ.

ચાલો સંકલ્પ કરીએ કે
"પ્લાસ્ટિકનો ત્યાગ કરીશું,
ધરતીનો બચાવ કરીશું;
સ્વચ્છ પર્યાવરણ અને હરિયાળી ધરતી
આવતી પેઢીને ભેટ આપીશું."
ડૉ સતિષ એસ. પટેલ પ્રકૃતિ રક્ષક (અમદાવાદ).
★★★★★★★
NOG SS No.418
વિષય : સર્જક ની મનગમતી રચના
શીર્ષકઃ- કેમ તમારું માનવું
પ્રકાર : પદ્ય

બધું અહીં ભગવાન, કેમ તમારું માનવું,
તમો જગા ઈન્સાન, કેમ તમારું માનવું.

બેઠક છે તમારી ને ઝગડા છે ગાદીના.
મંદિર સમું મકાન, કેમ તમારું માનવું.
પંખી તો ઠીક છે, ઊડે માણસ હવામાં,
હવે આ આસ્માન, કેમ તમારું માનવું.

તમે આપો તુરંત, લૂટી જાય માણસો,
હવે આ અહેસાન, કેમ તમારું માનવું.

કાપી નાખે રોજ ઘણા નિર્દોષ જીવને,
આમાં નામ મહાન, કેમ તમારું માનવું.

વાલજી બદાણી...સુરત.
★★★★★★★
Nog Ss No.343
વિષયઃસર્જક ની મનગમતી રચના
શીર્ષકઃ- ખુદની ખામી
પ્રકારઃપધ શબ્દોઃ૬૫

હોય ખામી ક્ષતિ, શું તે ખુદ પોતે જાણે છે,
બીજાની મતિ શું છે, એ ક્યાં કોઈ જાણે છે?

બીજાની ખામી શોધનારાની મનોવૃત્તિ કોણ જાણે છે,
અરીસામાં ખુદની આકૃતિની કમી કોણ જાણે છે?

મગરના આંસુની અનુભૂતિ સૌ કોઈ જાણે છે,
ચક્ષુમાંથી પડતાં સાચા અશ્રુને ફક્ત પાણી જાણે છે,

દુનિયા ગાડરિયા પ્રવાહમાં ચાલી, સત્યનું મૂળ દર્દ કોણ જાણે છે,
'ચંદ્ર' ઉજ્જવળતાથી કાળા અંધારા ગ્રહણની પીડા જાણે છે.

'ચંદ્ર'કાન્ત હરીલાલ માઢક (રાજકોટ)
★★★★★★★
NOG SS NO - 191
વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષક : તો ટકી જશો.
પ્રકાર -પદ્ય શબ્દોઃ ૯૫
ધર્મ ના આધારે ચાલશો તો ટકી
આભાર - નિહારીકા રવિયા જશો.
પુણ્યના પગથારે ચાલશો તો ટકી જશો.

જુઠ નો જમાનો છે , જુઠ સરેઆમ છે,
સત્યના સથવારે ચાલશો તો ટકી જશો,

સલાહ સૂચનો વાળાથી ખદબદે જગત,
જો ખુદના વિચારે ચાલશો તો ટકી જશો.

ઈશ્વર છે કે નહી એ વિવાદમાં પડો નહીં,
શ્રધ્ધા ના સહારે ચાલશો તો ટકી જશો.

ભીતર બેઠો છે ભગવાન એ નહીં ભુલાવે,
આત્માના ઈશારે ચાલશો તો ટકી જશો.

વહે છે નદીઓ અહીં શરાબ ને શબાબની,
મિત્ર કિનારે કિનારે ચાલશો તો ટકી જશો.

ચાલ્યા જવાના છો એક દી ધરતી છોડી,
કોઈના હમદર્દ બની ચાલશો તો ટકી જશો.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

FROM CHIPS TO GYROS: INDIA'S GREAT LEAP INTO THE NEXT GENERATION OF

TECHNOLOGY & DESIGN - VORAN, AN INDIAN COMPANY, TAKES LIGHT AVIATION TO A NEW FRONTIER THROUGH A STRATEGIC INDIA-ITALY PARTNERSHIPS

Start Ahead. Build Safe. Build in India. Develop in India. Take it to the World.““PARTNERSHIP MEETING PHOTOGRAPH - VORAN is exploring opportunities across both Gyroplane and Helicopter segments as part of its broader light-aviation vision.““Rajiv Rawat, Founder & CEO, VORAN Aviation; Group Captain (Retd.) Kedar Kakade, Indian Air Force veteran and Head - Aviation Operations, Sales & Training, VORAN Private Limited; members of the VORAN team; and the Carpenterie Pagotto, Italy team following the signing of the strategic India-Italy collaboration in Italy;* subject to all applicable Italian governmental and regulatory norms.““Mumbai, September 2026: India's aviation story is entering a new phase. As the country looks““beyond being a major aviation market towards deeper capability in design, manufacturing, MRO, skills and innovation, Indian aviation startup VORAN Private Limited, founded and led by entrepreneur Rajiv Rawat, is taking a significant step towards building a new light-aviation ecosystem through a strategic collaboration with Italy's Carpenterie Pagotto.““THE AIRCRAFT IS THE START. THE CAPABILITY IS THE DESTINATION.““Founded and led by Rajiv Rawat, VORAN is approaching light aviation as a capability-building opportunity rather than simply an aircraft sales or manufacturing business. The startup vision is a phased journey:““TECHNOLOGY COLLABORATION (TECHNOLOGY, DESIGN & MANUFACTURING) ? SAFETY, SKILLS & R&D GLOBAL MARKETS““The objective is to progressively combine international aviation technology and experience with Indian engineering talent, manufacturing, technical skills, maintenance and future product“development. VORAN is exploring opportunities across both Gyroplane and Helicopter segments as part of its broader light-aviation vision.““START AHEAD - WITH SAFETY BUILT IN““For VORAN, safety is not an end-stage requirement. Safety, engineering discipline, quality, training, maintenance



and regulatory compliance are intended to be built into the capability-development journey from the beginning.““The wider opportunity is an ecosystem connecting engineers, technicians, pilots, training institutions, manufacturers, MSMEs, component suppliers, MRO organisations, technology companies and aviation institutions.““A PLATFORM, NOT JUST AN AIRCRAFT““VORAN's proposition is to develop an aviation platform around technology, manufacturing, skills, maintenance and future innovation. The collaboration creates a pathway for Indian talent to progressively participate in assembly, manufacturing, engineering, maintenance, technology collaboration and R&D while working with established international aviation experience.““VORAN believes that building these capabilities progressively can help shorten the learning curve involved in developing new aviation capability in India.““"The aircraft is only the beginning. The real opportunity is to build the capability around it-people, technology, manufacturing, safety, skills and innovation. From India to the world."““Rajiv Rawat, Founder & CEO, VORAN““FROM ITALY INDIA FUTURE TECHNOLOGY & DESIGN DEVELOPMENT THE WORLD““As capability develops,



VORAN intends to explore opportunities to serve Indian requirements while creating a foundation for international markets, technology partnerships and future aviation innovation.““The company sees potential opportunities across light-aviation manufacturing, pilot and technical skills, MRO, engineering, specialised aviation applications and future technology development.““BUILDING THE ECOSYSTEM AROUND INDIAN TALENT““The opportunity extends beyond VORAN itself. A developing light-aviation ecosystem can create avenues for Indian engineers, technicians, pilots, manufacturers, MSMEs, training organisations, MRO companies, suppliers and technology partners to participate in a growing value chain.““VORAN's longer-term ambition is to work with strategic partners, investors, state ecosystems, aviation institutions and industry participants to develop the infrastructure, skills, technology and manufacturing base required to scale this vision.““A NEW GENERATION OF AVIATION CAPABILITY““VORAN is also exploring potential future unmanned or remotely operated gyroplane concepts and related applications, with the potential for use across specialised aviation, training, connectivity and other emerging applications. These discussions are exploratory and would be pursued only subject to technical feasibility, certification, safety and applicable regulatory requirements.“The larger proposition is simple: international technology, Indian talent, Indian manufacturing and global ambition, developed progressively around a safety-led aviation ecosystem.““WHY THIS MATTERS““VORAN's model seeks to contribute to the evolution of India's aviation capability by building progressively across manufacturing, technology collaboration, maintenance, skills, safety and innovation.““For the next phase, VORAN sees an opportunity to engage with strategic capital, infrastructure partners, manufacturing and engineering companies, aviation institutions, training organisations, MRO players and state-level ecosystems that can help translate the vision into a scalable Indian capability.““The objective is not simply to bring another aircraft to India. It is to create a pathway through which Indian talent, technology and manufacturing capability can progressively participate in the next generation of light aviation.““START AHEAD. BUILD SAFE. BUILD IN INDIA.““DEVELOP IN INDIA. TAKE INDIAN AVIATION CAPABILITY TO THE WORLD.“GYROPLANE/TECHNOLOGY IMAGE-THUND..LH- Light Helicopter“PHOTO CAPTION““Rajiv Rawat, Founder & CEO, VORAN, with a Carpenterie Pagotto Gyroplane in Italy and viewing a Light Helicopter during VORAN's European aviation engagements.““REGULATORY NOTE““All future aircraft development, manufacturing, training, MRO and operations contemplated by VORAN will be pursued subject to applicable DGCA, MOCA, certification, safety, technical and statutory requirements. This collaboration does not constitute regulatory approval or government endorsement of any future programme. subject to all applicable Italian governmental and regulatory norms.“MEDIACONTACT“Group Captain (Retd.) Kedar Kakade“VORAN Private Limited““Mumbai / Thane, Maharashtra, India

ઋષિઓએ શોધેલું કળિયુગનું સુલભ સાધન- મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી ઉદ્ધાર નથી

ભાગવત એક ગહન સત્યથી શરૂ થાય છે કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખો તો તે ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે.કારણ સર્વના હૃદયમાં ઈશ્વર રહેલો છે. જેવી ભાવના તમે બીજા માટે રાખશો, તેવી ભાવના તે તમારા માટે રાખશે. બીજા સાથે વેર કરનારો પોતાની સાથે જ વેર કરે છે.

મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી તેનો ઉદ્ધાર થતો નથી.માટે જ વ્યાસજીએ ભાગવતના પ્રથમ શ્લોકમાં જ લખ્યું -ધર્મઃપ્રોજ્ઝિત કૈતવો અત્ર પરમો નિર્મત્સરાણામ્ સતામ્- આ કથા નિર્મત્સર માટે છે. જેના મનમાં કોઈ માટે દ્વેષ નથી, તેને જ આ કથા પચે છે.

આ ભૂમિકા સાથે જ નૈમિષારણ્યની પવિત્ર ભૂમિમાં કથાનો આરંભ થાય છે.કળિયુગના જીવનો પ્રશ્ન અને કળિયુગના જીવની ભૂલ

નૈમિષારણ્યમાં અઠ્યાસી હજાર ઋષિઓ ભેગા થયા છે.બધા કળિયુગના જીવોના કલ્યાણ માટે ચિંતિત છે.ત્યાં શૌનકજીએ સૂતજીને પ્રશ્ન કર્યો - જીવમાત્રનું કલ્યાણ શાથી થાય તે કહો. કળિયુગના શક્તિહીન માણસો પણ કરી શકે તેવું સુલભ અને સરળ સાધન બતાવો.

આ પ્રશ્નમાં મોટી કરુણા છે. કળિયુગના મનુષ્યો મંદબુદ્ધિવાળા અને મંદશક્તિવાળા છે,તેથી સાધન કઠણ હશે તો કરશે નહીં.વળી એવા ભોગી છેકે એક આસને બેસી આઠ કલાક ધ્યાન કરી શકશે નહીં. તેમને તો બેસતાં જ પગ દુઃખે છે, મન ભટકે છે.

કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ શામાં ચતુર? સંસારના વિષયો પાછળ. જે નથી કરવાનું તે પહેલા કરે છે અને જે કરવાનું છે તે કરતા નથી. એટલે જ શાસ્ત્ર તેને અચતુર કહે છે.શાસ્ત્ર કહે છે -સો કામ છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું.

આપણે શું કરીએ છીએ? ઘરના બધા કાર્યો પતાવીને પછી માળા ફેરવીશું એમ કહીએ છીએ. ભાગવત કહે છે એમ નહીં. પહેલા પ્રભુનું સ્મરણ કરો, માળા ફેરવો, ભાગવત સ્મરણ કરો, પછી બધા કાર્યો કરો. કરોડ કામ છોડીને પહેલું કામ પ્રભુનું છે. જે આ ક્રમ ચૂકે છે તે જીવનભર કામમાં જ રહે છે,રામમાં નથી આવતો.તૃપ્તિ ન થાય તેવી બે વસ્તુ કથા અને દર્શન શૌનકજી કહે છે,અમને વિસ્તારપૂર્વક શ્રીકૃષ્ણ કથા સંભળાવો શ્રીકૃષ્ણકથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. આ ભક્તનું લક્ષણ છે. ભોજનમાં તૃપ્તિ આવે, પણ ભગવાનની કથામાં અને ભગવાનના દર્શનમાં કદી તૃપ્તિ ન આવે. જેટલું સાંભળો એટલું ઓછું લાગે. ભગવાનની મંગલમય અવતાર-કથાઓનું અને લીલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં જ્યારે અધર્મ વધે છે, ત્યારે ધર્મ કોને શરણે જાય છે? તે અમને કહો.

અને પછી એક સુંદર ઉપમા આપે છે - સમુદ્ર પાર કરવાવાળાને જેમ કર્ણધાર નાવિક મળી જાય, તેમ આપ અમને મળ્યા છો. આ સંસાર સાગર છે, અમે તરવા માગીએ છીએ, તમે નાવિક છો.

પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી.જીવને પરમાત્મા ના દર્શનની આતુરતા જાગે પ્રભુ કૃપા કરે, ત્યારે સંત મળે છે. કહેવત છે ને સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે. ભોજન ગમે તેટલું સારું હોય, ભૂખ ન હોય તો સ્વાદ નથી. તેમ મનુષ્યને પરમાત્મા ને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી.

કથાના બે પાયા - વક્તાનો અને શ્રોતાનો અધિકાર કથા સાંભળવા માટે અધિકાર જોઈએ.જેમ વક્તાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ, તેમ શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ.

શ્રવણના ત્રણ પ્રધાન અંગો છેઃ

શ્રદ્ધા શ્રોતાએ એકાગ્રતાથી, શ્રદ્ધા થી કથા સાંભળવી.શ્રદ્ધા વિના કથા કાનમાં પડે, હૃદયમાં ન પડે. જિજ્ઞાસા શ્રોતામાં જાણવાની તીવ્ર ઈચ્છા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં.

નિર્મત્સરતા અને દીનતાઃ શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સર ભાવ ન હોવો જોઈએ. અને કથામાં દીન થઈને જવું જોઈએ, હું કાંઈ જાણતો નથી, પ્રભુ મને સમજાવો એવા ભાવથી.

શિષ્યનો પણ અધિકાર જોવાય છે, શ્રોતાનો પણ અધિકાર જોવાનો છે. આ માટે એક નાનું દ્રષ્ટાંત છે. એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું, "આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા?" મહાત્માએ હસીને કહ્યું, "રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું સમજાવી શક્યો નહીં." એટલે શ્રોતામાં જિજ્ઞાસા ન હોય તો વક્તાનું તપ પણ નકામું જાય છે.

અહીં શૌનક મુનિ કહે છે, અમને ભાગવત કથામાં શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય ત્યારે તમારા જેવા અધિકારી વક્તાના મુખેથી કથા સાંભળવાની તક મળે છે.

અધિકારી વક્તા અને અધિકારી શ્રોતા મળે ત્યારે જ કથા ફળે છે. રુક્ષ્મણીજીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ.'સાંભળી'શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ બતાવે છે. સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે, તમે સૌ સુયોગ્ય શ્રોતા છો. તમે શાંતિથી શ્રવણ કરો છો, એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમે પ્રશ્ન કરો છો. કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુનો મહિમા ગાનાર હું કોણ?

જેની સમાપ્તિ નથી તે નારાયણ

આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે.

શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. રામ, કૃષ્ણાદિ સર્વ અવતારોની સમાપ્તિ થાય છે, પણ આ નારાયણની સમાપ્તિ થઈ નથી અને થવાની નથી. તે આજે પણ ભારતની પ્રજાનું કલ્યાણ કરવા બદરિકા શ્રમમાં તપશ્ચર્યા કરે છે.

શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણના દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપના દર્શન કરી શક્યો, પણ કળિયુગમાં ભોગી માણસો પણ આપના દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યો કે, બદરિનારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો. ત્યાંથી મારી મૂર્તિ મળશે, તેની સ્થાપના કરો. બદરિનારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્યજીએ કરી છે.

મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો.

બદરિનારાયણમાં એક રહસ્ય છે. લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે. અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યામાં સ્ત્રીનો, દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે. તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે, તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ.અને બીજું રહસ્ય બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે. એક ભક્તે પૂજારીને પૂછ્યું કે, આવી સખત ઠંડીમાં ઠાકોરજીને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું, અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે, એટલે ચંદનની પૂજા કરવામાં આવે છે. જુઓ,ભગવાન તપે છે આપણા માટે.પછી સૂતજી સરસ્વતીને,વ્યાસ જીને વંદન કરે છે અને કથાનો આરંભ કરે છે.અહેતુકી ભક્તિ એ જ મોટો ધર્મ અંતે સૂતજી કહે છે, જેના થી ભક્તિનો ઉદય થાયએ મનુષ્યનો સૌથી મોટો ધર્મ.આ ભક્તિ પણ એવી જોઈએ, જેનાથી આત્મા પ્રસન્ન થાય.જેમાં કોઈ કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે.આવી ભક્તિને અહેતુકી ભક્તિ કહે છે.જીવને ભગવાન કહે છે કે,તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા. જીવાત્મા અંશ છે, પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુઃખી છે. તે અંશ

આભાર - નિહારીકા રવિયા

અંશીમાં એટલે ઈશ્વરમાં મળી જાય તો જ જીવ સુખી થાય.

તો કળિયુગમાં સુલભ સાધન શું? કરોડ કામ છોડીને ભગવાનનું સ્મરણ, નિર્મત્સર બનીને, શ્રદ્ધા અને જિજ્ઞાસાથી ભાગવત કથા સાંભળવી. કારણ કે આ કથા જ અંશને અંશી સુધી પહોંચાડનારો કર્ણધાર છે.ફ્લાય દુબઈના વિમાનના ગુજરાતી કેપ્ટન સ્મિત મચ્છર પર કોકપીટમાં સહ પાઇલોટનો હુમલો વિમાન ક્રેશ કરવાની યોજના સ્મિત મચ્છરે નિષ્ફળ બનાવી અનેક મુસાફરોના જીવ બચાવ્યા જેને આપણે પણ ધન્યવાદ આપી બિરદાવીએ.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા.







સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'આંગણમેળા' કાર્યક્રમમાનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને જનકલ્યાણના સંકલ્પને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે પાલડી વોર્ડની આંગણવાડીઓ ખાતે 'આંગણમેળા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આંગણવાડીના બાળકો તથા કાર્યકરો સાથે આત્મીય મુલાકાત કરી તેમજ ઉપયોગી ભેટસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ હેતુ સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા

દહેજની ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં ભયંકર આગ

ધુમાડાના ગોટેગોટા ઉડ્યા, ૭ ફાયર ફાઈટરોની મદદથી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ



ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા દહેજ સ્થિત ફિલાટેક્સ કંપનીના વેરહાઉસમાં અચાનક ભયંકર આગ ભભૂકી ઊઠતા સમગ્ર પરિસરમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે થોડી જ વારમાં વેરહાઉસમાંથી આગની ઊંચી જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા નજરે પડ્યા હતા, જેને પગલે આસપાસના વિસ્તારમાં પણ ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે ૭ ફાયર ફાઈટરોની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ધસમસતા ધુમાડા વચ્ચે આગ પર કાબૂ મેળવવા માટે પાણીનોમારો ચલાવીને સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાની કે ઈજા થયાના અહેવાલ નથી. આગ લાગતા જ વેરહાઉસ અને આસપાસની જગ્યાઓને તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવી હતી.વેરહાઉસમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ જ નુકસાનીનો સાચો આંકડો અને આગ પાછળનું સત્તાવાર કારણ સામે આવશે. પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

યંત્રનો શબ્દ અને સર્જકનો શ્વાસ... આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના દોરમાં સાહિત્યની વિડંબના

આજના ડિજિટલ યુગમાં ટેકનોલોજીએ વિજ્ઞાનથી લઈને કળા સુધીના તમામ ક્ષેત્રોમાં પગપેસારો કર્યો છે. છેલ્લા ઘણા સમય થી 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' (છેં) ના માધ્યમથી કવિતાઓ, વાર્તાઓ અને નિબંધો, કોર્ટ ના દસ્તાવેજો ક્ષણવારમાં તૈયાર કરી લેવાનો એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. માત્ર એક કમાન્ડ આપવાથી મશીન સુરેખ ભાષામાં લેખ તૈયાર કરી આપે છે અને લોકો તેને પોતાના નામે સોશિયલ મીડિયા પર પ્રકાશીત કરી આભાસી વાહવાહી અને પ્રશંસા મેળવી રહ્યા છે. પ્રથમ નજરે આ બાબત ટેકનોલોજીની સિદ્ધિ લાગે, પરંતુ ઊંડાણપૂર્વક વિચારતા જણાય છે કે આ પ્રક્રિયા માનવીય સંવેદના અને સાહિત્યની મૂળ આત્મા પર કરવામાં આવતો પરોક્ષ પ્રહાર છે.

સાહિત્ય એ માત્ર વ્યાકરણની દ્રષ્ટિએ શુદ્ધ શબ્દોની ગોઠવણી નથી; તે માનવ હૃદયની અનુભૂતિ, પીડા, આનંદ, પ્રેમ અને જીવનના સંઘર્ષોનો નિચોડ છે. જ્યારે એક સાચો સર્જક કાગળ પર કલમ ચલાવે છે, ત્યારે તેની પાછળ તેની વર્ષોની સાધના, વાચન, નિરીક્ષણ અને વ્યક્તિગત લાગણીઓ વણાયેલી હોય છે. સર્જક જ્યારે પોતાના વિચારોને શબ્દસ્થ કરે છે, ત્યારે વાચક માત્ર અક્ષરો નથી વાંચતો, પણ લેખકના હૃદયના સ્પંદનોને અનુભવે છે. આ તાદાત્મ્ય અને આત્મીયતા એ જ સાહિત્યનું સાચું આભૂષણ છે, જે કોઈ આલ્ગોરિધમ કે મશીન ક્યારેય ઉત્પન્ન કરી શકતું નથી.

છેં ના આંધળા ઉપયોગથી થતું સૌથી મોટું નુકસાન મનુષ્યની પોતાની મૌલિકતા અને વિચારશક્તિનો ક્ષય છે. સર્જનપ્રક્રિયા એ એક આંતરિક મંથન છે. જ્યારે કોઈ લેખક વિચારતો થાય છે, ત્યારે તેનું મગજ નવી દિશાઓમાં ગતિ કરે છે, તેનામાં સંવેદનશીલતા અને ગહનતા આવે છે. પરંતુ જ્યારે આ મંથનનો શ્રમ મશીનને સોંપી દેવામાં આવે, ત્યારે મનુષ્યની પોતાની કલ્પનાશક્તિ કુંઠિત થઈ જાય છે. પરિણામે, સમાજમાં ઊંડા વિચારકો અને મૂળભૂત સર્જકોની અછત ઊભી થવાનું જોખમ રહેલું છે.

અન્ય એક ગંભીર પાસું સાહિત્યની ગુણવત્તા અને ભરોસાપાત્રતાનું છે. છેં પાસે અફાટ ડેટા હોઈ શકે છે, પરંતુ તેની પાસે 'આત્મા' કે 'જીવેલો અનુભવ' નથી. તે ભૂતકાળના સાહિત્યનો પુનઃઉપયોગ કરીને નકલી કે યાંત્રિક લેખન રચી આપે છે. આનાથી સાહિત્યજગતમાં ગુણવત્તા વિરુદ્ધ જથ્થાનું પૂર આવે છે. ઉત્તમ અને સામાન્ય

સાહિત્ય વચ્ચેની સીમારેખા ધૂંધળી બને છે, જેનાથી સાચું સાહિત્ય સર્જનારા નિષ્ઠાવાન સાહિત્યકારોનો અવાજ આ ડિજિટલ ઘોંઘાટમાં દબાઈ જાય છે.

ટેકનોલોજીનો ઉપયોગ એક સાધન તરીકે, માહિતી મેળવવા કે વ્યાકરણ સુધારવા પૂરતો થાય ત્યાં સુધી યોગ્ય છે; પરંતુ જ્યારે ટેકનોલોજી મનુષ્યના સંવેદનશીલ હૃદય અને વિચાર ક્ષમતાનું સ્થાન લેવા માંડે, ત્યારે કળાનો અંત શરૂ થાય છે. મશીન કદાચ કવિતાના પ્રાસ મેળવી શકશે, પણ વિરહના આંસુ કે પ્રેમની અનુભૂતિ કાગળ પર છાંટી શકશે નહીં.

સાહિત્યની સાચી પરંપરાને જીવંત રાખવી હોય તો માનવ હૃદયમાંથી નીકળેલા મૌલિક શબ્દ અને મશીન દ્વારા જનરેટ થયેલા યાંત્રિક લખાણ વચ્ચેનો ભેદ પારખવો જ પડશે. ચમકતી દરેક વસ્તુ સોનું નથી હોતી, તેમ સુંદર ગોઠવાયેલા દરેક શબ્દો સાહિત્ય નથી હોતા—એ સત્ય સ્વીકારવું એ જ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત

અમીત ત્રિવેદી (૪/૧૦/



આર્મી રિક્રૂટિંગ ઓફિસ, નાગપુર દ્વારા ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ તાલુકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વિસાપુર, જિલ્લા ચંદ્રપુર, મહારાષ્ટ્ર ખાતે અગ્નિવીર ઝન્દ્ધ/જીદ્ધ ભરતી રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ભરતી રેલી છઈ જામનગર ક્ષેત્રના ૧૩ જિલ્લાઓ અને ૦૧ કેન્દ્રશાસિત પ્રદેશ ()ના ઉમેદવારો માટે યોજવામાં આવી રહી છે. તેમાં જામનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગીર સોમનાથ, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા, પાટણ અને દીવ ()નો સમાવેશ થાય છે. ભરતી રેલીનું સમયપત્રક નીચે મુજબ છેઃ

તારીખ અને રિર્પોટિંગ સમય.૧૨ ઓક્ટોબર ૨૦૨૬, ૦૦:૧૫ કલાકેઆવરી લેવાતા જિલ્લાજામનગર, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ, ગીર સોમનાથ, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા, પાટણ અને દીવ ઉક્ત ભરતી રેલી માટેના એડમિટ કાર્ડ તમામ શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોના રજિસ્ટર્ડ ઈ-મેલ સરનામા પર ૧૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મોકલી આપવામાં આવ્યા છે. ઉમેદવારો પોતાનું રેલી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટu Join Indian Armઅ વેબસાઈટ્ટ.joinindianarmy.nic.in પર પોતાના Username y™u Passwrod વડે લોગિન કરે.કોઈપણ માહિતી/પૂછપરછ માટે આર્મી રિક્રૂટિંગ ઓફિસ,

જૈન અનુયાયીઓ સાવધાન

શાશ્વતા શ્રી શત્રુજય મહાતીર્થ પર જૈન આગેવાન ટ્રસ્ટી ઓ ની લાપરવાહી થી ૧/૨ વર્ષ માં જ આવનાર દર્શન પૂજન ના અંતરાય શ્રી તળેટી થી ઉપર શ્રી પદ્માવતી માતા ની દેરી સુધીની ૪૬૮ એકર જગ્યા પાલીતાણા ના રાજા વિજયસિંહ કુંવરસિંહ માર્કેટ માં વેચવા ફરી રહ્યા છે

ડુંગર પર ના રિસોર્ટ માલિક અશ્વિનભાઈ ગોહિલ ૫૧ ઋઇ માં રિસોર્ટ ખાલી કરી જવા તૈયાર છે પણ પેટી ૪/૫ ઋઇ જ આપવા તૈયાર છે

અશ્વિનભાઈ ગોહિલ ના સગાઓની ૭/૧૨ માં સરકારી ચોપડે શ્રી ચંદન તલાવડી અને તેની આસપાસ ની ઘણી જગ્યા ઓ છે તેમણે જો વેચાણ કે અન્ય પ્રવૃત્તિ ઓ ચાલુ કરી તો..

ફોરેસ્ટ ખાતા ની બાકીની જમીનો પર અન્ય સરકારી ટુરિઝમ પ્રવૃત્તિ થઇ તો

શ્રી સમેત શીખર્જી ની જેમ આગમ મંદિર પાછળ ને ઉપર દિગંબરો એ જમીનો લેવાની ચાલુ કરી દીધી છે

કરોડો રૂપિયા ના વહીવટ દારો કોર્ટ માં લડી ખવડાવી વધુ રૂપિયા બરબાદ કરશે ને કે બીજું કઈ

?બધા જ મહોત્સવ ઉત્સવ અનુષ્ઠાન બંધ કરી જૈન તીર્થ રક્ષા ઉપરાંત અને અન્ય જરૂરી જૈનો પ્રશ્નો પર ધ્યાન આપવું જરૂરી છે

અશ્વિનભાઈ શાહ ના

(નમો અરિહંતાણં)

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat